Vishva Samachar Weekly
RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA
E-mail : vishvasamacharindia@gmail.com
● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455
• Year : 24 • Issue : 46 • Dt. 11-08-2025 • Monday • Rs.5-00 • • Page-4

### નામ લીધા વગર રાજનાથ સિંહે ટ્રમ્પને આપ્યો આકરો જવાબ

# કોઈ પણ શક્તિ ભારતને મોટી તાકાત બનતા રોકી નહીં શકે

### રાયસેનમાં રેલ કોચ ફેક્ટરી 'બ્રહ્મા'ના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજનાથ સિંહે જણાવ્યું કે આવનારા સમયમાં મધ્યપ્રદેશ 'મોડર્ન પ્રદેશ' તરીકે ઓળખાશે



ભોપાલ

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નામ લીધા વિના ટ્રમ્પ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે કેટલાક લોકો એવા છે જે ભારતના વિકાસથી ખુશ નથી. તેમને ગમતું નથી કે ભારત વિકાસ કરી રહ્યું છે. તેમને લાગે છે કે 'આપણે બધાના બોસ છીએ', તો પછી ભારત આટલી ઝડપથી કેવી રીતે વિકાસ કરી રહ્યું છે? રાજનાથ સિંહે કહ્યું કે ઘણા લોકો ભારતમાં બનેલી વસ્તુઓને તેમના દેશોમાં બનેલી વસ્તુઓ કરતાં વધુ મોંઘી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી વધુ લોકો તેને ખરીદી ન શકે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ બધું હોવા છતાં, ભારત એટલી ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે કે હવે વિશ્વની કોઈ પણ શક્તિ ભારતને વિશ્વની મહાસત્તા બનતા રોકી શકશે નહીં.

રક્ષા મંત્રીએ કહ્યું કે પહેલા સંરક્ષણ ક્ષેત્રની મોટાભાગની વસ્તુઓ વિદેશમાં બનતી હતી અને તેમની મૂડીનો પણ ઉપયોગ થતો હતો. જ્યારે પણ આપણને તેની જરૂર પડતી ત્યારે આપણે તેને વિશ્વના અન્ય દેશોમાંથી ખરીદતા હતા.

આમાં વિમાન, શસ્ત્રો અથવા પ્લેટફોર્મ જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. તેમણે લોકોને કહ્યું કે હવે આમાંની મોટાભાગની વસ્તુઓ ફક્ત ભારતમાં જ નહીં પરંતુ ભારતીયો પોતાના હાથે બનાવી રહ્યા છે અને તે વસ્તુઓ હવે અન્ય દેશોમાં નિકાસ થઈ રહી છે. રાયસેનમાં રેલ કોચ ફેક્ટરી 'બ્રહ્મા'ના શિલાન્યાસ કાર્યક્રમમાં રાજનાથ સિંહે જણાવ્યું કે આવનારા સમયમાં મધ્યપ્રદેશ 'મોડર્ન પ્રદેશ' તરીકે ઓળખાશે. તેમણે ઉમેર્યું કે આ નવું ઔદ્યોગિક કેન્દ્ર મધ્યપ્રદેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને રાજ્યના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે જ્યારે પીએમ મોદી પહેલીવાર વડાપ્રધાન બન્યા ત્યારે તે સમયે વિશ્વમાં ભારતના સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ માત્ર ૬૦૦ કરોડ રૂપિયા હતી. તેમણે કહ્યું કે હાલમાં આપણે ૨૪ હજાર કરોડ રૂપિયાથી વધુની સંરક્ષણ વસ્તુઓની નિકાસ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે આ ભારતની તાકાત છે અને આ નવા ભારતનું નવું સંરક્ષણ ક્ષેત્ર છે. તેની નિકાસ સતત વધી રહી છે અને વધતી રહેશે.

રક્ષા મંત્રીએ કહ્યું કે પહેલા જે ટેકનોલોજી વિશ્વના અન્ય યુવાનો બનાવતા હતા, પરંતુ હવે તે જ ટેકનોલોજી આપણા દેશના યુવાનો બનાવી રહ્યા છે અને આ ટેકનોલોજીની મદદથી તેઓ તેનો ઉપયોગ સંરક્ષણ ક્ષેત્રમાં વપરાતા ઘણા ઉત્પાદનો જેમ કે શસ્ત્રો, બોમ્બ, તોપ, ગોળા અને મિસાઈલ વગેરેમાં કરી રહ્યા છે, જે દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે પહેલગામ ઘટના પછી દુશ્મન દેશે માની લીધું હતું કે ભારત ચૂપ બેસી જશે, પરંતુ વડા પ્રધાન મક્કમ હતા કે અમે તેનો યોગ્ય જવાબ આપીશું. એવી કલ્પના પણ કરી શકાતી નથી કે તે ધર્મ વિશે પૂછ્યા પછી મારી નાખશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે અમે નક્કી કર્યું હતું કે ધર્મ વિશે પૂછ્યા પછી આપણે મારીશું નહીં, તેમના કાર્યો જોઈને મારીશું અને અમે તેમના કાર્યો જોઈને મારી નાખીશું. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દ્વારા અમે દુનિયાને સંદેશ આપ્યો કે અમે કોઈને ચીડવતા નથી, પરંતુ જો કોઈ આપણને ચીડવે છે, તો અમે તેને પણ છોડતા નથી.

### વિદ્યાર્થીઓનું ભારણ ઘટાડવા મોટો નિર્ણય!

# ધોરણ-૯માં ઓપન બુક એક્ઝામને CBSEની મંજૂરી

### હવે નવા પ્રસ્તાવ મુજબ વિદ્યાર્થીઓ પુસ્તકો જોઈને લખી શકશે

નવી દિલ્હી

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ધોરણ-૯ના વિદ્યાર્થીઓનું ભારણ ઘટાડવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. બોર્ડે વર્ષ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્રમાં ધોરણ-૯માં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે ઓપન-બુક એક્ઝામ શરૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. અત્યાર સુધી શૈક્ષણિક સત્ર દરમિયાન ત્રણ વખત પરીક્ષા લેવાતી હતી, જેમાં માત્ર પેન અને પેપરનો ઉપયોગ કરી શકાતો હતો. જોકે હવે નવા પ્રસ્તાવ મુજબ વિદ્યાર્થીઓ પુસ્તકો જોઈને લખી શકશે.

મીડિયા રિપોર્ટ મુજબ જૂનમાં સીબીએસઈના ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી, જેમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. ગવર્નિંગ બોડી બોર્ડના સંચાલન અને નીતિનિર્માણ માટેની સર્વોચ્ચ સંસ્થા છે. આ બોડી બોર્ડના કામકાજ, શૈક્ષણિક ધોરણો અને પરીક્ષા પદ્ધતિઓ સંબંધિત તમામ મોટા નિર્ણયો લે છે.

પ્રસ્તાવ મુજબ હવે ઓપન-બુક એક્ઝામ હેઠળ ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે દરેક ટર્મમાં ત્રણ પેપર-પરીક્ષાઓ યોજાશે, તેમાં હિન્દી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા મુખ્ય વિષયોનો સમાવેશ થશે. આ પ્રસ્તાવ આ NCFSE (શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું) ૨૦૨૩ અનુસાર છે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ પર આધારિત છે.

એક સુત્રએ કહ્યું કે, ઓપન બુક એક્ઝામને ઈન્ટરનલ એક્ઝામનો ભાગ બનાવવામાં આવશે, પરંતુ શાળાઓ માટે તે ફરજિયાત બને તેવી શક્યતા ઓછી છે. **NCFSE-2023**ના નિયમ મુજબ, ઓપન-બુક એક્ઝામ એક એવી પરીક્ષા છે, જેમાં વિદ્યાર્થીઓને પ્રશ્નોનો જવાબ આપવા માટે જે-તે વિષયની પુસ્તકો, પોતાની નોટ્સ અને અન્ય સંશાધનોનો ઉપયોગ કરવાની મંજૂરી હોય છે.

તેનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, વિદ્યાર્થીઓ માત્ર યાદ રાખેલી જ બાબતો ન લખે, પરંતુ જ્ઞાનને સમજૂતીને જુદા જુદી સ્થિતિઓમાં ઉપયોગ કરી શકે. સરળ ભાષામાં કહીઓ તો એનસીએફએસઈનું કહેવું છે કે, વિદ્યાર્થીઓએ ગોખણપટ્ટી કરીને શીખવાની આદત ટાળવી જોઈએ અને વાસ્તવિક જ્ઞાન અને કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ જેથી તેઓ વિચારપૂર્વક પ્રશ્નોના જવાબ આપી શકે.

# ઓપરેશન સિંદૂર માટે સેનાને મળી સ્વતંત્રતા

મદ્રાસ

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે એક મજબૂત ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. હવે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ રણનીતિ કેવી રીતે બનાવવામાં આવી હતી તે વિશે જણાવ્યું છે. IIT મદ્રાસમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા હુમલાએ આખા દેશને હચમચાવી નાખ્યો હતો. બીજા જ દિવસે, ૨૩ એપ્રિલે ટોચના લશ્કરી અને રાજકીય નેતૃત્વની એક મોટી બેઠક યોજાઈ હતી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે બેઠકમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે હવે બહુ થયું. આ પછી ત્રણેય સેનાઓને આગળની કાર્યવાહી જાતે નક્કી કરવા માટે છૂટ આપવામાં આવી હતી. આર્મી ચીફ દ્વિવેદીના મતે, આ પહેલી વાર હતું જ્યારે આટલો સ્પષ્ટ રાજકીય ટેકો મળ્યો હતો.

આર્મી ચીફે જણાવ્યું હતું કે ૨૫ એપ્રિલે, નોર્થ કમાન્ડમાં ઓપરેશનનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેનો ખ્યાલ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેને અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ દરમિયાન, ૯ માંથી ૭ ટાર્ગેટનો નાશ કરવામાં આવ્યો હતો અને મોટી સંખ્યામાં આતંકવાદીઓ માર્યા ગયા હતા. ૨૯ એપ્રિલે તેમની પ્રધાનમંત્રી સાથે પહેલી મુલાકાત થઈ હતી. તેમણે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર નામથી આખા દેશને એક કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં તેમને લાગ્યું કે તે સિંધુ અથવા સિંધુ નદી સાથે જોડાયેલું છે. પરંતુ પછી ખબર પડી કે તે સિંદૂર છે. જેનો સૈનિકો અને સામાન્ય જનતા બંને સાથે ભાવનાત્મક જોડાણ છે. તેમણે સૈનિકોને કહ્યું કે જ્યારે કોઈ બહેન, માતા કે પુત્રી સિંદૂર લગાવે છે, ત્યારે તે સૈનિકને યાદ કરશે.આર્મી ચીફ દ્વિવેદીએ આ કામગીરીને ગ્રે ઝોન વ્યૂહરચના તરીકે વર્ણવી.

## તંત્રીની કલમે.................

# યુક્રેન યુદ્ધ અટકે તો મિનરલ્સ મળે, નહીંતર શસ્ત્રોનું વેચાણ તો વધશે જ


Editor- Nilay H. Mehta

પોતાના મિત્ર અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મંત્રણા કરવા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જાહેરાત કરી છે. આ બેઠક અમેરિકાના અલાસ્કા ખાતે થવાની છે. રશિયાએ યુક્રેન ઉપર યુદ્ધ ખતમ કરવા માટેની એક યોજના ટ્રમ્પ વહીવટીતંત્રને મોકલાવી છે. આ યોજના ઉપર બન્ને દેશના વડા ચર્ચા કરવાના છે. યુદ્ધ અટકાવો નહીંતર વધારે આક્રમક આર્થિક અને રાજદ્વારી પ્રતિબંધ લાદવા માટે અમેરિકાએ ધમકી આપી હતી.

આ ધમકીની મુદત શુક્રવારે પૂરી થઈ રહી હતી ત્યાં જ પુતિને દાવ ફેંક્યો અને 'શાંતિ દૂત' હોવાનો દાવો કરનારા, 'નોબેલ પીસ પ્રાઈઝ' મેળવવા ઝંખતા ટ્રમ્પ એ દાવમાં ફસાયા છે.

અમેરિકન પ્રસાર માધ્યમો અનુસાર પ્રતિબંધ લાગુ થાય નહીં અને રશિયા પોતે યુક્રેન યુદ્ધ ખતમ કરવા તૈયાર જ છે એવો ભાસ ઉભો કરવા માટે પુતિને આ પ્રસ્તાવ મૂક્યો છે. બહુ વિગતો તો જાહેર નથી પણ આ કથિત પ્રસ્તાવના કેટલાક મહત્વના મુદ્દા સમાચારોમાં ચમકી રહ્યા છે. રશિયા ઈચ્છે છે કે ૨૦૧૪માં યુક્રેનના કબજે કરાયેલા ક્રીમિયાના પ્રદેશ ઉપરાંત છેલ્લા સાડા ત્રણ વર્ષના યુદ્ધ દરમિયાન રશિયાએ કબજો જમાવેલા છે તે લુહાન્સ્ક, ડોનસ્ટેક, ઝેપોરીઝીયા અને કેર્સોન પ્રદેશ પણ જોઈએ છે. પુતિન સાથે ટ્રમ્પ મળશે ત્યારે બેઠકમાં કેટલાક ભૌગોલિક પ્રદેશ યુક્રેને આપવા પડે એ અંગે ચર્ચા થશે એવું વ્હાઈટ હાઉસ સત્તાવાર રીતે સ્વીકારે છે.

બરાક ઓબામા રાષ્ટ્રપતિ હતા ત્યાર પછી રશિયન વડા પ્રથમ વખત અમેરિકાની ધરતી ઉપર પગ મુકવાના છે. ટ્રમ્પ અને પુતિન પણ ૨૦૧૮ પછી પ્રથમ વખત રૂબરૂ મુલાકાત કરશે. પુતિન - ટ્રમ્પની બેઠક અંગે દુનિયાભરમાં ઉત્સુકતા જાગી છે. રશિયાએ કરેલી શાંતિની દરખાસ્તની વિગતો અમેરિકાએ નાટો અને યુરોપને મોકલી આપી છે. પુતિને બેઠક અંગે ચીન, ભારત અને બ્રાઝિલ સાથે ટેલીફોનિક ચર્ચા કરી છે. જોકે, આ પ્રસ્તાવ યુક્રેનને મંજૂર નથી. રશિયાએ માંગેલા વિસ્તારો ઉદ્યોગ, સ્ટીલ ઉત્પાદન, કોલસો અને અન્ય મિનરલ્સ ધરાવે છે અને તે યુક્રેનના અર્થતંત્રની કરોડરજ્જુ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ જમીનનો કોઈ ભાગ જતો કરવા પોતાનો દેશ તૈયાર નહીં હોવાની જાહેરાત શનિવારે કરી છે.

આ બેઠક ટ્રમ્પ માટે સૌથી મહત્વની છે. રાષ્ટ્રપતિ પદ મેળવ્યાના ૧૦૦ દિવસમાં રશિયા અને યુક્રેનનું યુદ્ધ બંધ કરાવવા નીકળેલા ટ્રમ્પ ઘણી ગુલાંટ અગાઉ મારી ચૂક્યા છે. ફેબ્રુઆરીમાં વ્હાઈટ હાઉસ ખાતે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ વેન્સ સાથે બેઠક માટે આવેલા ઝેલેન્સકી સાથે ઉદ્ધત વર્તન આખી દુનિયાએ ટીવી ઉપર જીવંત જોયું છે. ઝેલેન્સકીને ટ્રમ્પે સ્પષ્ટ સુણાવી દીધું હતું - અમેરિકા છે તો યુક્રેન છે, તમારી પાસે કોઈ શક્તિ નથી અને તમે ખોવાઈ જશો. એટલું જ નહીં ત્યાંથી યુક્રેનના રાષ્ટ્રપ્રમુખને હાંકી કાઢેલા! આટલી કટુતા ક્યારેય, કોઈપણ બે દેશના વડા વચ્ચેની ચર્ચામાં ઈતિહાસમાં ક્યારેય જોવા મળી ન હતી.


## સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"
મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫
Email : vishvasamacharindia@gmail.com


### હવે માછીમારો નીકળશે સમુદ્ર ખૂંદવા

# નાળિયેરી પૂનમે ખારવા સમાજે દરિયાદેવનું પૂજન કર્યું

## ખારવા સમાજની બહેનો અને ભાઈઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે દરિયાદેવનું પૂજન કરીને સમૃદ્ધિ અને સલામતી માટે પ્રાર્થના કરી



અમરેલી

અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરમાં આજે ખારવા સમાજ દ્વારા નાળિયેરી પૂનમ (બળેવ) ના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ દિવસે ખારવા સમાજની બહેનો અને ભાઈઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે દરિયાદેવનું પૂજન કરીને સમૃદ્ધિ અને સલામતી માટે પ્રાર્થના કરી.

આ પવિત્ર દિવસે મોટી સંખ્યામાં ખારવા સમાજની બહેનોએ દૂધના બેડાં સાથે દરિયાકિનારે પહોંચીને દરિયાદેવનો અભિષેક કર્યો હતો. બહેનોએ ખાસ કરીને પોતાના પિતા, ભાઈ અને પતિ સહિત જે લોકો દરિયામાં માછીમારી કરવા જાય છે, તેમની સલામતી અને રક્ષા માટે દરિયાદેવને પ્રાર્થના કરી હતી. આ પૂજાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આવનારા માછીમારીના દિવસોમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી કે અકસ્માત ન થાય અને સૌ સુરક્ષિત રીતે પરત ફરે.

આ પૂજન બાદ હવે ખારવા સમાજના લોકો માછીમારી માટે દરિયામાં જવાની શરૂઆત કરશે. દરિયાદેવના આશીર્વાદ સાથે તમામ બોટ માછીમારી માટે રવાના થશે.

આ પ્રસંગે ખારવા સમાજના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું કે, આ તહેવાર આપણા સમાજ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે દરિયાદેવને પ્રાર્થના કરીએ છીએ કે સૌ માછીમારો સુરક્ષિત રહે અને તેમને સારી માછીમારી મળે.

આ પૂજામાં મોટી સંખ્યામાં ખારવા સમાજના ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેણે સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ તહેવાર ખારવા સમાજની દરિયા પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે.

# અંક્લેશ્વર શહેરમાંથી બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો, એક આરોપી ઝડપાયો




ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસની ક્રાઇમ બ્રાન્ચે અંક્લેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયેલી બાઈક સાથે એક આરોપીને ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. આ કાર્યવાહી પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ, વડોદરા વિભાગ અને ભરૂચ જિલ્લાનાં ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક અજયકુમાર મીણા નાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

વાહન ચોરીનાં ગુનાઓ અટકાવવા અને વણશોધાયેલા કેસોને ઉકેલવા માટે મળેલી સૂચના બાદ, LCBના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. પી. વાળાએ ટીમો બનાવી સઘન પ્રયાસો હાથ ધર્યા હતા. આ દરમિયાન, LCBની ટીમ અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે મહાવીર ટર્નિંગથી પ્રતિન ત્રણ રસ્તા તરફ જતા ફાટક પાસે નંબર પ્લેટ વગરની સ્પ્લેન્ડર બાઈક પર એક શંકાસ્પદ ઈસમ જોવા મળ્યો.

પોલીસે તેને રોકીને બાઈકના કાગળો માંગતા તે રજૂ કરી શક્યો ન હતો. સઘન પૂછપરછ દરમિયાન, આરોપી વિપુલકુમાર અર્જુનસિંહ ઝાલા (ઉં.વ. ૨૬) ભાંગી પડ્યો હતો અને કબૂલ્યું કે તેણે આશરે સાડા ત્રણ મહિના પહેલા અંદાડા વાઘીવાળા રોડ પરથી આ બાઈક ચોરી કરી હતી. તેણે જણાવ્યું કે તેણે બાઈકની નંબર પ્લેટ કાઢી નાખી હતી અને તેનો છૂપી રીતે ઉપયોગ કરતો હતો.

પોલીસે આરોપીની ધરપકડ કરી તેની પાસેથી ચોરીની બાઈક (નંબર **GJ-16-DF-9275**) કબજે કરી છે, જેની કિંમત રૂ. ૨૦,૦૦૦ છે. આ ચોરી અંગે અંક્લેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો (ગુ.ર.નં. ૧૧૧૯૯૦ ૬૧૨૫૦૬૬૬/૨૦૨૫) નોંધાયેલો હતો. આરોપી વિપુલકુમાર અર્જુનસિંહ ઝાલા, જે મૂળ અરવલ્લી જિલ્લાનાં નવી બોરડી ગામનો છે અને હાલ અંક્લેશ્વર નાં અંદાડામાં રહે છે, તેની સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ મુજબ કાયદેસર કાર્યવાહી કરીને વધુ તપાસ માટે અંક્લેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આ કામગીરીમાં પો.સ.ઈ. આર. કે. ટોરાણી તથા અ.હે.કો. ધનંજયસિંહ, અ.હે.કો. મનહરસિંહ અને અ.પો.કો. તુષારભાઈ ની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

### મગજ ચકરાવે ચઢાવે તેવી મર્ડર મિસ્ટ્રી

# રૂમ પાર્ટનર પૈસાદાર હોવાથી સાથી ૩ મિત્રોએ ખંડણીનો પ્લાન બનાવ્યો

## અપહરણ બાદ મિત્રએ વધુ અવાજ કરતા જ ગળું દબાવ્યું અને તેની હત્યા થઈ ગઈ : બે ઝડપાયા, અન્ય એક ફરારની શોધખોળ

અમદાવાદ

રૂમ પાર્ટનરનો પરિવાર પૈસાદાર હોવાથી સાથી મિત્રએ ખંડણી માંગવાનો પ્લાન બનાવ્યો. પરંતુ અપહરણ બાદ મિત્રએ વધુ અવાજ કરતા જ ગળું દબાવ્યું અને તેની હત્યા થઈ ગઈ. તેના બાદ ટ્રોલી બેગમાં મૃતદેહ ભરીને નિકાલ કર્યો. પરંતુ હત્યાનો ભેદ ઉકેલાય જતા રૂમ પાર્ટનર અને બે મિત્રો ઝડપાઈ ગયા. તો અન્ય એક ફરારની શોધખોળ શરુ કરી છે.

અમદાવાદ જિલ્લાના સાણંદમાં આવેલ પાંજરાપોળ નજીક આવેલ અવાવરું જગ્યામાંથી ૧૦ મી જુનના દિવસે સવારે ૧૧ વાગ્યા આસપાસ એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકની કોઈ ઓળખ ના થતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી. આખરે યુવકની ઓળખ થતા પોલીસે તેના મોબાઈલની કોલ ડિટેઈલના આધારે વધુ તપાસ શરૂ કરી હતી. તો બીજી તરફ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ શ્વાસ રૂંધાઈ જવાથી યુવાનનું મોત થયું હોવાનું સામે આવ્યું હતું.

યુવકની હત્યા થઈ હોવાની વિગતો સામે આવતા સાણંદ પોલીસે હત્યાના કેસમાં તપાસ શરૂ કરી હતી. તેમાં સફળતા મળતા સાણંદ પોલીસે હત્યા કરનાર બે આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ કરતા હત્યા અંગેનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. પોલીસે ઓળખ કર્યા બાદ મૃતકની ઓળખ નિરંજન શર્માના હોવાની આવી હતી અને તેની હત્યા પણ તેના રૂમ પાર્ટનર બે મિત્ર રવીકુમાર રાય અને સોનલ ઘાટે કરી હોવાનો ખુલાસો થયો હતો.

અમદાવાદ ગ્રામ્યના એસપી ઓમ પ્રકાશ જાટે વધુ માહિતી આપતા જણાવ્યું કે, સાણંદ પોલીસે તપાસ કરતા સામે આવ્યું હતું કે મૃતક નિરંજન શર્મા મૂળ બિહારનો રહેવાસી છે. જે છેલ્લા એક વર્ષથી સાણંદમાં ખાનગી કંપનીમાં કામ કરે છે. જેની સાથે રવીકુમાર રાય, સોનલ ઘાટ અને સન્ની મંડલ પણ કામ કરે છે. ચારેય મિત્રો સાથે જ સાણંદના એક મકાનના બે અલગ અલગ રૂમમાં રહે છે. નિરંજન શર્માનો પરિવાર આર્થિક રીતે ખુબજ સધ્ધર હોવાની જાણ થતાં જ રવિ, સન્ની અને સોનલે સાથે મળીને ખંડણી માંગવાનો કારસો ઘડ્યો હતો અને ખંડણીના ઈરાદે ૯ મી જુનના દિવસે સાંજના ૪.૩૦ વાગ્યાની આસપાસ ત્રણેય નિરંજનને નળસરોવર રોડ પર ચા પીવા માટે લઈ ગયા હતા. બાદમાં સાંજના સમયે તેને જમવાના બહાને સોનલની રૂમમાં લઈ ગયા હતા. જ્યાં તક મળતા જ સન્નીએ નિરંજનને પાછળથી બળપૂર્વક મોઢું દબાવી નીચે પછાડી દીધો હતો. ત્યારે મૃતક નિરંજન વધારે અવાજ કરતો હોવાથી તેણે બૂમો પાડી હતી. જેથી ગભરાઈ ગયેલ સન્નીએ બાદમાં તકિયાથી તેનું મોઢું દબાવી રાખ્યું હતું. જ્યારે સોનલે બંને પગ દબાવી રાખ્યા હતા. અને રવીએ હાથ પકડ્યા હતા. લાંબા સમય સુધી શ્વાસ રૂંધાઈ જતાં નિરંજન શર્માનું મૃત્યુ નીપજ્યું હતું.

હત્યા થઈ ગયા બાદ આરોપીઓએ પોતાની કરતૂતો છુપાવવા માટે એક ટ્રોલી બેગ ખરીદી હતી. અને મૃતદેહને બેગમાં ભરીને પાંજરાપોળ પાસે અવાવરૂ જગ્યામાં ફેંકી બેગ લઈને પરત આવી ગયા હતા. બાદમાં ત્રણેય પોતાના વતનમાં જતા રહ્યા હતા.

પણ સાણંદ પોલીસની તપાસથી બચી ન શક્યા અને હત્યાના ગુનામાં પોલીસે તેમને પકડી લીધા છે.

શરૂઆતના તબક્કે જ્યારે પોલીસને નિરંજનના રૂમ પાર્ટનર રવિની પૂછપરછ કરી ત્યારે તેની ગતિવિધિ શંકાસ્પદ લાગતી હતી. જો કે જ્યારે ટેકનિકલ તપાસ કરતા પોલીસની શંકા મજબૂત બની હતી. રવીએ નિરંજન અને તે બંન્ને સાથે ક્રિકેટ રમવા માટે ગયા હતા. બાદમાં નિરંજનનો કોઈ પત્તો ના હોવાનું રટણ કરી રહ્યો હતો. પરંતુ પોલીસ તપાસમાં તેઓ ક્યાંય પણ ક્રિકેટ રમવા માટે ગયા જ ના હોવાનું સામે આવ્યું હતું. પોલીસની ઉલટ તપાસમાં રવિ અને તેના મિત્રોની પોલ ખુલ્લી પડી જતા સમગ્ર હત્યાના ગુનાનો ભેદ ઉકેલાયો હતો. પકડાયેલા આરોપીઓના રવિ મૂળ ઝારખંડ, સોનલ અને સન્ની મંડલ બિહારના રહેવાસી છે. અને છેલ્લા એક વર્ષથી તેઓ અહીં સાથે કામ કરે છે.

તમામ આરોપી ઓએ આઈટીઆઈનો અભ્યાસ કર્યો છે. નિરંજનની વાતો પરથી તેનો પરિવાર પૈસાદર હોવાની જાણ આરોપીઓને થઈ હતી જેથી તેમની દાનત બગાડતા અપહરણ કરીને ખંડણી માંગવાનો ઈરાદો હતો પણ સફળ ન થતા હત્યા થઈ ગઈ હતી.

### ખેડૂતોમાં ખુશીનો માહોલ

# ઉપલેટામાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન

ઉપલેટા

હવામાન વિભાગની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. રાજકોટના ઉપલેટમાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થયું છે. ઉપલેટા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. અસહ્ય ઉકળાટથી સ્થાનિકોને રાહત મળી છે. વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળે છે. આ ઉપરાંત કપાસ, મગફળી, સોયાબીન, તુવેર અને એરંડાનો પાક થશે તેવી સંભાવના છે. બીજી તરફ આજે વહેલી સવારથી જ વલસાડમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી રહ્યાં છે. વલસાડના સ્ટ રોડ, છીપવાડ હનુમાન મંદિર, દાણા બજારમાં પાણી ભરાયા છે. વહેલી સવારથી વરસાદના કારણે પાણી ભરાતા વાહનચાલકોને પરેશાની ભારે વરસાદના કારણે રસ્તાઓ જળમગ્ન થયા છે.

### એક મજાકના કારણે યુવકને મળ્યું દર્દનાક મોત

# મારા બેંક એકાઉન્ટમાં રૂપિયા ૨ લાખ જમા છે

અમદાવાદ

ચાંગોદરના તાજપુર ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈન નજીકથી ૧૯મી માર્ચના દિવસે મળી આવેલ મૃતદેહના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસએ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી સંતલાલ ગૌતમ અને મધ્યપ્રદેશના રહેવાસી રોહિતસીંગ ગોડ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. બંન્ને આરોપીઓએ માત્ર ૨ લાખ રૂપીયા મેળવવાની લાલચમાં આવીને મોહિબુલ ઈસ્લામ નામના યુવકને ગળે ટુંપો આપીને હત્યા કરી દીધી હતી. બાદમાં તેની ઓળખ ના થાય તે માટે ટી શર્ટ ચહેરા પર નાંખીને સળગાવી દીધી હતી. જો કે પોલીસ તપાસમાં બંન્નેની પોલ ખુલ્લી પડી ગઈ હતી.

ઘટના અંગે વાત કરીએ તો ૧૯મી માર્ચએ સળગાવેલી હાલતમાં ચહેરા સાથે એક મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકનો ચહેરો સળગી ગયેલ હાલતમાં હોવાથી તેની ઓળખ કરવી પોલીસ માટે મુશ્કેલ બની હતી. પરંતુ પોલીસએ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જ્યારે ૧૭મી માર્ચના દિવસે ચાંગોદરમાં આવેલ મેક્સ ગ્રાફિક્સમાં કામ કરતો મોહિબુલ ઈસ્લામની કોઈ ભાળ મળતી ના હોવાની જાણ ચાંગોદર પોલીસને કરવામાં આવી હતી.

પોલીસે તેના મોબાઈલ નંબરના આધારે કોલ ડિટેઈલ મેળવી આ ઉપરાંત તેની સાથે કામ કરતા કર્મચારીઓ અને પરિવારજનોની પૂછપરછ કરીને વધુ તપાસ શરૂ કરી છે. જેમાં સફળતા મળતા પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા છે. મૃતક અને આરોપીઓ છેલ્લા ૨૫ દિવસથી સાથે કામ કરતા હતાં. એક દિવસ મૃતક મોહિબુલ ઈસ્લામએ બંન્ને આરોપીઓને મજાક મજાકમાં કહ્યું હતું કે તેના બેંક એકાઉન્ટમાં રૂપીયા ૨ લાખ જમા છે. જેથી બંન્ને આરોપીઓની દાનત બગડી હતી. અને આ રૂપીયા પડાવી લેવા માટેનો પ્લાન બનાવ્યો હતો.

પ્લાન મુજબ ૯મી માર્ચના દિવસે નોકરીથી છુટ્યા બાદ બંન્ને આરોપીઓ મૃતકને રેલ્વે લાઈન પાસે લઈ ગયા હતાં. જ્યાં હત્યા કરવાના ઈરાદે તેઓ કંપનીમાંથી જ એક દોરી લઈ ગયા હતાં. જેની મદદથી બંન્નેએ મોહિબુલ ઈસ્લામનું ગળું દબાવ્યું હતું. અને તેના મોબાઈલ, એટીએમ, ગુગલ પે નો પાસવર્ડ મેળવી લીધો હતો. જો કે દોરી તુટી જતા આરોપીઓએ મૃતકએ પહેરેલ બુટની દોરી કાઢીને તેની મદદથી તેને ગળેટુંપો આપ્યો હતો. અને હત્યા કરી દીધી હતી. બાદમાં તેના બેંક એકાઉન્ટમાંથી રૂપીયા ૮૦૦ ટ્રાન્સફર કરી લીધા હતાં. અને ટ્રેન આવતા મૃતદેહને ટ્રેનની નીચે ફેંકી દેવા માટેનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમાં સફળ ના થતાં અંતે તેમણે નજીકના ગરનાળામાં મૃતદેહ ફેંકીને ઓળખના થાય તે માટે મૃતકએ પહેરેલ ટી શર્ટ કાઢી તેના ચેહેરા પર ઢાંકીને સળગાવી દીધી હતી. બાદમાં મોબાઈલની લુંટ કરીને તેઓ પલાયન થઈ ગયા હતા.

હત્યા બાદ બંન્ને આરોપીએ વતનમાં નાસી જવાનો પ્લાન બનાવ્યો હતો. જ્યારે મૃતકનો મોબાઈલ શાહપુર નજીક કોઈને વહેચી દીધો હતો.

સામેવાળા વ્યક્તિને વિશ્વાસમાં લેવા માટે આરોપીએ મૃતકના મોબાઈલમાંથી તેનું આધારકાર્ડ અને મોબાઈલની બીલની ઝેરોક્ષ કઢાવીને પોતે જ આ વ્યક્તિ હોવનાની ઓળખ આપી હતી. જ્યારે મૃતકનું સીમકાર્ડ તેમણે નવો એક કી પેડ ફોન ખરીદીને તેમાં ચાલુ કર્યું હતું. પોલીસ તપાસ દરમિયાન બંન્ને આરોપીઓના નામ સામે આવતા પોલીસએ બંન્ન આરોપીઓની ધરપકડ કરી છે. ત્રણેય મિત્રો સાથે જ એક કંપનીમાં કામ કરતા હતાં. હાલમાં પોલીસએ બંન્ને આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

### ઢોરના આતંકથી સ્થાનિકોમાં ભય

# ભાવનગરમાં રખડતી રંજાડના કારણે એક યુવાને જીવ ગુમાવ્યો

ભાવનગર

રાજયમાં રખડતા ઢોરને કારણે લોકો ત્રસ્ત થઈ ગયા છે અને વારંવાર રખડતા ઢોર કોઈને કોઈને પોતાના હુમલાનો ભોગ બનાવી રહ્યા છે. ત્યારે ભાવનગરના રખડતા ઢોરના કારણે વધુ એક યુવાને જીવ ગુમાવ્યો છે. ગોપનાથ-પીથલપુર માર્ગ પર આખલાને કારણે અકસ્માત સર્જાયો છે. ૩૨ વર્ષીય યુવાનનું મોત થયું છે.

ભાવનગર શહેરમાં રખડતા ઢોરના આતંકથી સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. રખડતા ઢોરને પકડવાની કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. ઉલ્લેખનીય છે કે ભાવનગરમાં રખડતા ઢોરના કારણે વધુ કે યુવાનનું મોત નિપજ્યું છે. ગોપનાથ-પીથલપુર માર્ગ પર આખલાના કારણે અકસ્માત સર્જાયો છે.

બીજી તરફ અરવલ્લીના માઝૂમ નદીના પુલ પરથી કાર ખાબકી હતી. આ અકસ્માતમાં ચાર લોકોના મોત નિપજ્યાં છે. મળતી માહિતી અકસ્માતમાં એક શિક્ષકને ઈજા થઈ હતી.

### માઈક એન્ડ્રૂઝ પ્લેન ક્રેશ સ્થળની મુલાકાતે પહોંચ્યા

# અમેરિકન વકીલે લીધી અમદાવાદ પ્લેન દુર્ઘટના સ્થળની મુલાકાત

## એવિએશન-લીગલ ટીમ પણ સાઈટ પર પહોંચી, સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું : હવાઈ કંપની સામે લડત આપશે

અમદાવાદ

અમદાવાદમાં સર્જાયેલ પ્લેન ક્રેશનો મામલમાં પીડિત પરિવારોએ અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝની વકીલ તરીકે નિમણૂં કરી છે. ત્યારે લંડનના વકીલે પ્લેન ક્રેશ સ્થળની મુલાકાત લીધી હતી. ૮૦ પરિજનોએ લડત આપવા કરેલી અરજી પર વકીલે ઘટના સ્થળની મુલાકાત કરી. તેઓ પરિજનો સાથે મળી હવાઈ કંપની સામે લડત આપશે. વકીલ માઈક એન્ડ્રેવસે સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું.

અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝ સુરત અને દીવ બાદ અમદાવાદ પહોંચ્યા છે. તેઓ આજથી ૧૩ ઓગસ્ટ સુધી વકીલ અમદાવાદની હયાત હોટેલમાં રોકાશે. તેઓ ૧૫ ઓગસ્ટ અમેરિકા પરત ફરશે. યુએસ લૉ ફર્મ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના કેસમાં ઝફઈ અને FDR ડેટા મેળવવા ગુજરાત કોર્ટમાં અરજી કરશે. વકીલ ડી. માઈકલ એન્ડ્ર્યુઝે કહ્યું કે, અમારી કાનૂની ફર્મની વિશેષજ્ઞ ટીમ આ ડેટાનું વિશ્લેષણ કરશે અને પછી યુએસ ફેડરલ કોર્ટમાં બોઈંગ સામે કેસ દાખલ કરશે. પ્રખ્યાત અમેરિકન કાનૂની ફર્મ બીઝલી એલેનના મુખ્ય વકીલ અને વિમાની દુર્ઘટનાના વકીલ ડી. માઈકલ એન્ડર્યુઝ (માઈક), જેમણે અમદાવાદમાં એર ઈન્ડિયા AI-171 વિમાન દુર્ઘટનાના ઘટના દિવસે મારેલા ઓછામાં ઓછા ૬૫ પરિવારજનોનું પ્રતિનિધિત્વ સંભાળ્યું છે, તેઓ શનિવારે સુરત પહોંચ્યા હતા અને ત્યાંથી એકમાત્ર જીવિત બચેલા વિશ્વાશ કુમાર રમેશને મળવા માટે દમણ ગયા હતા.

એન્ડર્યુઝે કહ્યું કે તેમની કાનૂની ફર્મ ગુજરાત કોર્ટમાં અરજી દાખલ કરશે, જેથી Cockpit Voice Recorder (CVR) અને Flight Data Recorder (FDR) ના સંપૂર્ણ ડેટાની નકલ મળી શકે. તેમણે કહ્યું, ‘‘આ ડેટાનું વિશ્લેષણ કર્યા પછી અમે યુએસ ફેડરલ કોર્ટમાં બોઈંગ સામે કેસ દાખલ કરીશું.’’ ૧૨ જૂનના રોજ, એર ઈન્ડિયાની લંડન-ગેટવિક જતી Boeing વિમાની દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ અને જમીન પર ૧૯ લોકોનાં મોત થયા હતા. દુર્ઘટનાથી બચનાર એકમાત્ર વ્યકિત દીવના રહેવાસી બ્રિટિશ નાગરિક વિશ્વાશ કુમાર રમેશ છે.




દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ શિકાર થયા હતા. એન્ડર્યુઝે અગાઉ પણ, ઈથોપિયન એરલાઈન્સની ૨૦૧૯માં થયેલી Boeing 737 MAX વિમાની દુર્ઘટના જેવી ઘટનાઓમાં પીડિત પરિવારોનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે કહ્યું કે "વિમાન દુર્ઘટનાઓની ન્યાયિક કાર્યવાહી માટે ભારતમાં તેમનો પહેલો કેસ હશે."

તેમણે કહ્યું કે, "મૃતદેહોની ઓળખમાં થયેલી ભુલ અત્યંત દુઃખદ છે. મારી ૨૦ વર્ષની કરિયરમાં, ક્યારેય એવું નહીં બન્યું હોય જ્યાં પીડિતના પરિવારજનોને ખોટા અવશેષો આપવામાં આવ્યા હોય. અમે ભારત સરકારની તપાસ એજન્સીઓ દ્વારા એકત્રિત ઝફઈ અને હ્લઢઈ ડેટાના નમૂનાઓ મેળવવા માટે કોર્ટમાં અરજી કરીશું. તેમણે કહ્યું કે ડેટા દ્વારા કોકપિટની અવાજો, એલાર્મ, બીપ, પાઈલટની વાતચીત વગેરેની વિગત મળશે, જેને તેમની ટેકનિકલ ટીમ વિશ્લેષણ કરીને કોકપિટમાં દુર્ઘટનાના સમયે શું બન્યું તેની પુનર્રચના કરશે.

‘‘અમે યુનાઈટેડ કિંગડમની કાનૂની ટીમો સાથે પણ સંપર્કમાં છીએ, જે મોન્ટ્રિયલ સંમિતિ હેઠળ ક્લેમ્સ માટે મદદ કરશે. યુકેની એર એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્રાંચના એક ટુકડીએ પહેલાની તપાસ પણ કરી છે.’’

મોન્ટ્રિયલ સંમતિમાં વિમાન દુર્ઘટનાના કેસમાં એરલાઈનની જવાબદારી નક્કી થાય છે, જેમાં મુસાફરનું મૃત્યુ કે ઈજા, માલસામાનની હાની કે વિલંબ સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે?

# અમરેલીના મોટા લીલિયાના નિલકંઠ સરોવરનું પાણી અચાનક લીલું થઈ ગયું

## તંત્ર દ્વારા સરોવરના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે

અમરેલી

અમરેલી રોડ પર આવેલા મોટા લીલિયાના પ્રખ્યાત નિલકંઠ સરોવરમાં કોઈ અજાણ્યા પદાર્થ ઠાલવવામાં આવ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે, જેના કારણે સરોવરનું પાણી લીલુંછમ બની ગયું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને તંત્રમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નિલકંઠ સરોવરના પાણીનો રંગ અચાનક બદલાઈને લીલો થઈ ગયો હતો. આ બાબતની જાણ થતાં લીલિયાના સરપંચ દ્વારા તાત્કાલિક મામલતદાર સહિતના વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સરોવરના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

નિલકંઠ સરોવર વિસ્તારમાં સિંહો તેમજ અન્ય વન્ય પશુ-પક્ષીઓની અવરજવર કાયમી રહે છે. જો પાણીમાં કેમિકલ જેવો કોઈ ઝેરી પદાર્થ ભળ્યો હોય, તો તેનાથી વન્યજીવોના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થઈ શકે છે. આથી, સ્થાનિક લોકોએ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરીને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

હાલમાં પાણીમાં નાખવામાં આવેલો પદાર્થ કેમિકલ છે કે કેમ, તે સ્પષ્ટ થયું નથી. પાણીના સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ જ આ અંગેનો સાચો ખુલાસો થઈ શકશે. તંત્ર દ્વારા આ મામલે સઘન તપાસ ચાલી રહી છે અને રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

### ૪૩ લાખથી વધુનો વિદેશી દારુનો જથ્થો જપ્ત

# કરજણ ભરથાણા ટોલનાકા પાસે ઝડપાયો લાખોનો દારુ

કરજણ

ગુજરાતમાં અવારનવાર દારુનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે વડોદરાના કરજણ ભરથાણા ટોલનાકા પાસે કન્ટેનરમાં વિદેશી દારુ ઝડપાયો છે. કન્ટેનરમાં ખાતરના બદલે દારુનો જથ્થાની હેરાફેરી કરવામાં આવતી હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે ૪૩ લાખથી વધુનો વિદેશી દારુનો જથ્થો જપ્ત કરાયો છે. પોલીસે તપાસ કરતાં યુરિયા ખાતરની જગ્યાએ દારુની પેટીઓ મળી હતી. દારુ ભરેલું કન્ટેનર વેરાવળ જતું હોવાનું સામે આવ્યું છે. તેના કારણે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે વડોદરાના કરજણ પાસેથી પોલીસે મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીની પૂછપરછ કરતાં સામે આવ્યું કે કન્ટેનરના માલિકે ચાલકને વોટસએપ પર કોલ કરીને કન્ટેનર આપ્યું હતું. માલિકે કહ્યું હતું કન્ટેનરમાં યુરિયા ખાતર છે.જેથી ચાલક કન્ટેનરને વેરાવળ ડિલવરી કરવા લઈ જતો હતો. પરંતુ પોલીસે તપાસ કરતાં કન્ટેનરમાં યુરિયા ખાતરને બદલે દારૂનો જથ્થો પકડાયો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).